# બનાસ ડેરી ખાતે ''નેશનલ મિલ્ક ડે''ની ઉજવણીના ભાગરૂપે આયોજીત બાઈકર્સ રેલીના સભ્યોનું સ્વાગત

પાલનપુર, તા. ૨૬

''નેશનલ મિલ્ક ડે''ની ઉજવણીના ભાગરૂપે સમગ્ર ભારતની સહકારી ડેરીઓને સાંકળીને પ્રવાસ કરી રહેલા ૪



મહિલાઓ સાથેના કુલ ૨૬ બાઈક મેમ્બર્સની રેલીના સભ્યોનું આજે બનાસ ડેરી ખાતે આગમન થયું હતુ. બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ, આ સાહસીક બાઈક ચાલકોને ઉષ્માભેર સ્વાગત કર્યું હતુ અને આગળની યાત્રા માટે ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતુ. તેઓની સાથે ડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈ, મેનેજીંગ ડાયરેક્ટર કામરાજભાઈ ચૌધરી, ડેરીના ડાયરેક્ટર સર્વે દિનેશભાઈ ભટોળ, ફલજીભાઈ ચૌધરી, ભાવાજી રબારી, તેજાભાઈ પટેલ, જનરલ મેનેજર બિપીનભાઈ પટેલ, ડેરીના ઉચ્ચ પદાધીકારીઓ, સહકારી ક્ષેત્રના અગ્રણીઓ અને ખૂબ મોટી સંખ્યામાં બનાસ ડેરી પરીવારના કર્મચારીગણ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારત વર્ષમાં શ્વેતક્રાંતિના પ્રણેતા એવા ડૉ. વર્ગિસ કુરિયનના જન્મદિવસ કે જેને નેશનલ મિલ્ક ડે તરીકે આપણા દેશમાં ઉજવવામાં આવે છે, તે ઉપલક્ષે જમ્મુ ખાતેથી ૧૭ નવેમ્બરના રોજ સમગ્ર દેશની અગ્રણી સહકારી ડેરીઓને જોડતાં બાઈક પ્રવાસે નિકળેલા આ સાહસિકો આજે ૨૫૦૦ કી.મી.ની યાત્રા બાદ પાલનપુર ખાતે બનાસ ડેરીમાં આવી પહોંચ્યા હતા.

ડૉ. કુરિયના સહકારીક્ષેત્રના વિકાસ થકી ગ્રામ્ય અર્થવ્યવસ્થાના સુદ્રઢીકરણ અને તે થકી સમગ્ર દેશના વિકાસના વિચારનો આજની યુવા પેઢીમાં પ્રચાર પ્રસાર થાય તેવા લક્ષ્ય સાથે પ્રવાસે નિકળેલા આ સાહસિકોએ પણ ડેરી ખાતે તેમના થયેલા આ સ્વાગત માટે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. રેલી ડેરી સુધી પહોંચે તે અગાઉ બનાસકાંઠામાં પ્રવેશી રહેલા આ બાઈક રેલીના સભ્યોને માર્ગમાં આવતી ગ્રામ્યકક્ષાની ડેરીના પશુપાલકોએ પણ ઠેર-ઠેર સ્વાગત કરી મીઠો આવકાર આપ્યો હતો. ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ આ પ્રસંગે જણાવ્યું હતુ કે ભારતના અર્થતંત્રમાં ડેરી ઉદ્યોગનો ખૂબ મોટો ફાળો છે ત્યારે ''નેશનલ મિલ્ક ડે''ની આ બાઈક રેલી દ્વારા થઈ રહેલી ઉજવણીથી સમાજમાં ખેડૂતો અને પશુપાલકોનો ઉત્સાહ વધશે.

# મોડાસા બસ સ્ટેન્ડ પાછળના ભાગે રોડ નજીક ભયજનક ભુવો વાહનચાલકો માટે આફતરૂપ



તસવીર : મેહુલ જોષી

મોડાસા, તા. ૨૬

મોડાસા શહેરના નવનિર્મિત આઈકોનિક બસ સ્ટેન્ડ પાછળના ડીપી રોડ નજીક મસમોટો ભુવો પડતા અહીંથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોના માથે અકસ્માતની ભીતિ પેદા થતા સ્થાનિકોએ નગરપાલિકા તંત્રમાં અનેકવાર રજુઆત કરવા છતાં નગરપાલિકાતંત્રનું પેટનું પાણી ન હલતા નગરજનોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે.

મોડાસા બસ સ્ટેન્ડ પાછળથી પસાર થતા ડીપી રોડ પર મોડાસાની ૨૦થી વધુ સોસાયટીના રહીશો અને બસ સ્ટેન્ડ પાછળ આવેલી ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓ, પરિવારજનો અને વાહનચાલકો સહીત હજ્જારો રાહદારીઓ અને વાહનચાલકો ઉપયોગમાં લેતા હોવાથી રોડને અડીને પડેલ ભયજનક ખાડાથી અકસ્માતનો ભોગ બને તો નવાઈ નહિ.

સ્થાનિકોએ રોડ બાજુમાં અડીને પડેલ ભુવો પુરવા જવાબદાર તંત્રને વારંવાર રજુઆત કરવા છતાં ખાડો પૂરવાની કોઈ નક્કર કાર્યવાહી હાથ ધરવામાં ન આવતા ભુવાનો વિસ્તાર પ્રસરતા ભયજનક સ્થિતિનું નિર્માણ થતા રાહદારીઓ અને વાહનચાલકો મોતના મુખમાંથી પસાર થતા હોય તેમ સાવચેતી રાખી પસાર થતા વારંવાર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાતા તંત્ર દ્વારા તાબડતોડ ભયજનક ભુવો પુરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

# તલોદના નાગણેશ્વરી મંદિરે ૨૧મો અન્નકુટ ભરાયો



તસવીર : દશરથ વણઝારા

તલોદ, તા. ૨૬

તલોદનગરના નાગણેશ્વરી મંદિરે ૨૧મો અન્નકુટ ધામધૂમથી કારતક સુદ પુનમનો ભરવામાં આવ્યો હતો. દેવદિવાળી નિમિત્તે અવનવી વેરાયટીઓથી માતાજીને શણગારવામાં આવ્યા હતા. દર વર્ષની જેમ માતાજીને અનેક વાનગીઓથી ભોગ ચઢાવી મહાપ્રસાદીનું આયોજન પણ રાખવામાં આવ્યું હતું.

મંદિરના મહંત જીતુસિંહ રાઠોડના સાનિધ્યમાં દર્શનાર્થે ઉમટેલા માઈભક્તોને માતાજીના દર્શનનો લાહવો આપી આર્શીવચનથી ધન્યતા અનુભવતા હતા. વહેલી સવારથી જ માતાજીની આરતી થાળ ધરાવી નાગણેશ્વરી મંદિરે મેળા જેવો માહોલમાં મંદિરના શિષ્યોએ ભારે જહેમત ઉઠાવી અન્નકુટની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

નાગણેશ્વરી મંદિર આ પંથકમાં એક ચમત્કારીક ધામ હોવાથી લોકો દૂરદૂરથી માતાજીના દર્શનાર્થે આવતા હોય છે. અનેક પરચાઓની સુવાસથી તલોદમાં નાગણેશ્વરી મંદિર એક પ્રસિદ્ધ ધામ અને હિન્દુ-મુસ્લીમ લોકોના એકતાનું પ્રતિક પણ જણાવવામાં આવે છે. સૌ કોઈને નૂતન વર્ષની શુભેચ્છા પણ પાઠવવામાં આવી હતી.

# પ્રાંતિજના મોયદખાતે મહિલા દાઝી જતા સારવાર અર્થે ખસેડવામાં આવી

**પ્રાયમસ હોલવવા પાણી છાંટતા ભડકો થતાં મહિલા દાઝી ડીવાયએસપી દ્વારા તપાસ હાથ ધરવામા આવી**

પ્રાંતિજ, તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મોયદ ખાતે રસોઈ બનાવતી મહિલા દાઝીજ તા તેને હિંમતનગર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવી. પ્રાંતિજ તાલુકાના મોયદ રૂપાજી વાસમાં રહેતી મહિલા ઉ.વર્ષ- ૨૫ કે જે પોતાના ઘરે ગત ૨૫મીએ રાત્રીના ૮ કલાકની આસપાસ પ્રાયમસ ઉપર રસોઈ બનાવી રહી હતી અને રોટલી બનાવ્યાં બાદ પ્રાયમસ હોલવવા માટે પ્રાયમસ ઉપર પાણી છાંટતા પ્રાયમસમાં ભડકો થતાં પહેરેલ કપડામાં આગ લાગતાં મહિલા શરીરે ગંભીર રીતે દાઝી જતાં તેને સારવાર અર્થે હિંમતનગર સિવિલ ખાતે ખસેડવામાં આવી હતી. આ અંગેની જાણ પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં મહિલાના પતિ મહેશકુમાર રંગાજી ચૌહાણ ઉ.વર્ષ- ૨૬ રહે. મોયદ રૂપાજી વાસ દ્વારા કરવામાં આવતાં પ્રાંતિજ પોલિસે ગુનો નોંધી આગળની તપાસ જીલ્લા ડીવાયએસપી દ્વારા હાથ ધરવા આવી છે.



મહેસાણા ખાતે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય મહેસાણાના ઉપક્રમે અવસર પાર્ટી પ્લોટના પટાંગણમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતી પામનાર મોટીવેશનલ સ્પીકર બ્ર.કુ. શિવાનીબેનના સમારંભનો મંગલદીપ પ્રગટાવી શુભારંભ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન નીતિનભાઈ પટેલે કર્યો હતો તે પ્રસંગની તસવીરમાં બ્રહ્માકુમારીના શીવાનીબેન, મહેસાણા ઉપક્ષેત્રના સંચાલિકા રાજયોગીની સરલાબેન, પૂર્વ સાંસદ જીવાભાઈ પટેલ નજરે પડે છે. બીજી તસવીરમાં વિશાળ જનમેદનીને આધ્યાત્મિક વક્તા બ્રહ્માકુમારી શિવાનીબેન સુંદર પ્રવચનથી ભક્તો ભાવવિભોર થઈ ગયા હતા. (તસવીર : વિરેન્દ્ર રામી)

# સાબરકાંઠા જીલ્લામાં બાઈક ચોરી કરી મોડાસામાં વેચાણ અર્થે આવતા દબોચ્યો



તસવીર : મેહુલ જોષી

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જીલ્લા સહીત ઉત્તર ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી બાઈક ચોરીની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થતા થતા રેન્જ આઈજી મયંકસિંહ ચાવડા અને જીલ્લા પોલીસવડા મયુર પાટીલ સૂચના અને માર્ગદર્શન હેઠળ જીલ્લા એલસીબી પોલીસને સાબરકાંઠા જીલ્લામાં છેલ્લા બે વર્ષથી બાઈક ચોરી કરતા વિક્રમભારથી આનંદભારથી ગોસ્વામી (રહે. સીહોલી, હિંમતનગર, જી. સાબરકાંઠા) ચોરેલ મોટર સાયકલ વેચાણ અર્થે મોડાસા આવવાનો હોવાની ચોક્કસ બાતમી મળતા વિવિધ ટિમો બનાવી મોડાસાના ગણેશપુર (હજીરા) વિસ્તારમાંથી દબોચી લીધો હતો અને ચોરેલ ૫ બાઈક કીં. રૂ. ૧૨૫૦૦૦નો મુદ્દામાલ રિકવર કરી ૫ વણઉકેલ્યા ગુન્હા શોધવામાં સફળતા મળી હતી.

સાબરકાંઠા જીલ્લામાં બે વર્ષથી બાઈક ચોરીના ગુન્હા આચરતો વિક્રમભારથી આનંદભરથી ગોસ્વામી (રહે. સીહોલી, તા. હિંમતનગર, જી. સાબરકાંઠા) ચોરેલ બાઈક વેચાણાર્થે મોડાસા આવતો હોવાની બાતમીદારે જીલ્લા એલસીબીને આપતા પી.આઈ. નાગજી રબારી અને તેમની ટીમે મોડાસા હજીરા વિસ્તારમાં વોચ ગોઠવી બાતમી આધારે યામાહા સેલ્યુરો આર.એક્સ (ગાડી.નં-જી.જે.૧૮ કે ૩૭૪૭) લઈ આવી પહોંચતા કોર્ડન કરી પકડી પાડતા બાઈકના કાગળો માંગતા ગલ્લાંતલ્લાં કરતા અન્ય આધારપુરાવા રજુ કરવાનું જણાવતા ભાગી પડી બાઈક એકાદ વર્ષ અગાઉ બેરણા મંદિર આગળથી ચોરી કરેલ હોવાની કબૂલાત સાથે બે વર્ષમાં ૫ ચોરી કરેલ બાઈક પણ રીકરવર કરવામાં આવ્યા હતા. બાઈક ચોરને મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં સુપ્રત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# શ્રી ચોવીસી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ હિંમતનગર એકમનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો




હિંમતનગર, તા. ૨૬

૨૫ નવેમ્બરના રોજ હિંમતનગર ખાતે ચોવીસી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ હિંમતનગર એકમનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમમાં સ્નેહમિલન ઉપરાંત સવિશેષ કાર્યક્રમમાં આયોજકો દ્વારા જ્ઞાતિના ૪૦ વર્ષથી વધુ લગ્નજીવન પસાર કરેલ દંપતીઓના સન્માન યોજવામાં આવેલ. આ તમામ ૨૧ દંપતીઓને મંચસ્થ સ્થાન આપી શિવશંકર જોશી પરિવાર તરફથી ગીફ્ટ આપવામાં આવેલ. આજના ઝડપના યુગમાં લગ્નજીવન પણ એટલાજ ઝડપથી વિચ્છેદ થાય છે અથવા તો નિષ્ફળ જાય છે. ત્યારે આ સન્માન કાર્યક્રમ વિશેષ સંભારણારૂપ બની રહેલ. ઉપસ્થિત દંપતીઓએ સન્માનના પ્રત્યુત્તરમાં જણાવ્યું કે સમાજે સન્માન બદલ આભાર તેમજ તેમના લગ્નજીવનમાં વિશેષ અનુભવો અને સફળતાના રાહનું સુંદર વર્ણન કરેલ. આ તમામ દંપતીઓને સંગીત ખુરશી અને ગરબા રમાડવામાં આવેલ જેમાં સર્વેએ અનેરા ઉત્સાહથી ભાગ લીધેલ. કાર્યક્રમમાં ઉપસ્થિત જ્ઞાતિ બંધુઓએ પણ સંગીત ખુરશી, રાસગરબા અને સમૂહ ભોજનનો આનંદ લીધેલ. આયોજકો તરફથી આગામી ડીસેમ્બર ૨૦૧૯માં સમૂહ યજ્ઞોપવીત કાર્યક્રમની જાહેરાત કરવામાં આવેલ.

કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ જગદીશભાઈ પંડ્યા, મંત્રી જયેશભાઈ પંડ્યા, રોનાકભાઈ જોશી, ગીરીશભાઈ ઉપાધ્યાય, ચેતનભાઈ ઉપાધ્યાય, ઈન્દ્રવદનભાઈ ત્રિવેદી અને દિતુંજભાઈ ત્રિવેદીએ મહત્વનો ફાળો આપેલ.

# અરવલ્લી જીલ્લામાં ટેકાના ભાવે અડદની ખરીદી ન થતા દેવદિવાળી પછી પણ ખેડૂતો બેહાલ

મોડાસા, તા. ૨૬

સમગ્ર રાજ્યમાં ખેડૂતોની કુદરતની થપાટ અને પાક ઉપજના પૂરતા પ્રમાણમાં ભાવ ન મળતા આત્મહત્યા કરવા મજબુર બન્યા છે. સરકાર દ્વારા અડદના ટેકાના ભાવ જાહેર કર્યા બાદ ખરીદી કરવાની જાહેરાત ન થતા કેટલાક જરૂરિયાતમંદ ખેડૂતો દિવાળી પર્વની ઉજવણી માટે રૂપિયાની જરૂરિયાતના પગલે ૨૫૦ થી ૩૦૦ રૂપિયા મણે ખોટ ખાઈ વેચવા મજબુર બન્યા હતા. સરકારે મોટા ઉપાડે ટેકાના ભાવે અડદ ખરીદવાની જાહેરાત જોરશોરથી દિવાળી પહેલા જાહેરાત કર્યા બાદ દેવદિવાળી સુધી ખરીદી સરકારી એજન્સી દ્વારા શરુ ન થતા ખેડૂતોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે.

અરવલ્લી જીલ્લામાં જગતના તાતે ૧૦૩૮૭ હેક્ટરમાં અડદનું વાવેતર કર્યું હતું. પાક તૈયાર થતા રાજ્ય સરકાર ખેડૂતોના હામી હોવાના દાવાઓ કરી મોટા પાયે ટેકાના ભાવે ખરીદીની



તસવીર : મેહુલ જોષી

જાહેરાત કરતા અડદનું વાવેતર કરનાર ખેડૂતોમાં આનંદ છવાયો હતો પરંતુ જાહેરાત બાદ ટેકાના ભાવે ખરીદી શરુ ન થતા ખેડૂતો તેમનો મહામૂલો પાક સસ્તામાં વેચવા મજબુર બનતા ખેડૂતોમાં દેવ દિવાળી બાદ પણ હૈયા હોળી પેદા થતા ખેડૂતોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.

અરવલ્લી જીલ્લાના માર્કેટયાર્ડમાં અડદ લઈ પહોંચી રહ્યા છે વેપારીઓ દ્વારા અપૂરતા ભાવ મળતા ખેડૂતો સમસમી ઉઠ્યા છે. નાના ખેડૂતોને સરકારના ટેકાનો લાભ ન મળે તેવો ઘાટ સર્જાયો છે. ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અગાઉ પણ સરકાર દ્વારા ટેકાના ભાવે વિવિધ પાક ઉપજની ખરીદીની જાહેરાત બાદ મોડી ખરીદી કરતા ખેડૂતોને રૂપિયાની તાતી જરૂરિયાત ઉભી થતા ખુલ્લા બજારમાં વેપારીઓને માલ વેચી દેવો પડ્યો હતો જેનો લાભ કેટલાક લેભાગુ વેપારીઓ ખેડૂતોના ઉતારા મેળવી મલાઈ તારવી લેતા ટેકાના ભાવ વેપારીઓ માટે ફાયદારૂપ અને ખેડૂતો માટે લોલીપોપ સમાન બની રહે છે.

મોડાસા માર્કેટયાર્ડમાં હાલ રોજની ૨૦૦ થી ૩૦૦ બોરી અડદ ખેડૂતો સરકારે અડદના જાહેર કરેલા કવીન્ટલના ૫૬૦૦ ના બદલે ૧૦૦૦ રૂપિયા ખોટ ખાઈને ૪૫૦૦ થી ૪૭૦૦ રૂપિયે કવીન્ટલ અડદ વેચવા મજબુર બન્યા હતા. ખેડૂતો માટે ટેકાના ભાવ લોલીપોપ સમાન બની રહેતા હોવાનું ખેડૂતોએ આક્રોશપૂર્વક જણાવ્યું હતું.



તસવીર : મગનજી વણઝારા

અંધજન મંડળ અમદાવાદ સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ ઉદય સેવા સંસ્થાન ભિલોડા દ્વારા મોતીયા મુકત સાબરકાંઠા અરવલ્લી જિલ્લાના અભિયાન અંતર્ગત આજ રોજ પુનાસણ ગામે મફ્ત નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ ૧૭૫ દર્દીની આંખોની ચકાસણી કરવામાં આવેલ ઈ. તે પૈકી ૩૨ દર્દીને મોતીયો હોઈ ઓપરેશન માટે બારેજા હોસ્પિટલ ખાતે તા.૩૦/૧૧/૧૮ના રોજ સવારે સંસ્થાના વાહન દ્વારા લઈ જવામાં આવશે. આ કેમ્પમાં સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન શ્રી જિતેન્દ્ર શાહ, વિજયભાઈ શાહ, કોકીલાબેન રમેશભાઈ શાહ, હાલ રહે.યુ.એસ.એ., બારેજાથી ધમેન્દ્ર જેણા તથા નિષ્ણાત ડો. ટીમ, પુનાસણ, બામણા, આડા હાથરોલ તેમજ આજૂબાજૂના ગામના લોકો શ્રવણ સુખ ધામ પંચવટી મુકામે આવી કેમ્પનો લાભ લીધેલ. સંસથા દ્વારા દર્દીને ચ્હા, બિસ્કીટ આપવામાં આવેલ છે. સંસથા દ્વારા આ ૧૨મો કેમ્પ આયોજીત થયેલ છે.

## ગુજરાત જનતા જાગૃતી મંચ દ્વારા

# ગુજરાત સરકાર દ્વારા બંધારણના ઉલ્લંઘનના વિરોધમાં કર્મચારીઓએ રેલી યોજી



તસવીર : મેહુલ જોષી

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જીલ્લાના મોડાસા કલેકટર કચેરી ખાતે ગુજરાત જનતા જાગૃતિ મંચ દ્વારા બંધારણના ઉલ્લંઘનના વિરોધમાં કર્મચારી રેલી યોજીને આવેદનપત્ર આપવામાં આવ્યુ. દેશ આઝાદ થયા બાદ ૨૬ નવેમ્બર ૧૯૪૯ના દિવસે આઝાદ ભારતના સંવિધાનને સ્વીકૃતિ મળી હતી. ગુજરાત સરકાર દ્વારા લાંબા સમયથી બંધારણનુ ઉલ્લંઘન કરી સમાન કામ સમાન વેતન વિરૂધ્ધ યુવાનોને કોન્ટ્રાકટર આઉટસૉર્સિંગ અને ફિક્સ પગારમાં રોજગારી આપવામાં આવી રહી છે. જનતા જાગૃતિ મંચના પ્રમુખ રજનીકાંત ભારતિયના જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાતમાં લાખો શિક્ષીત યુવાનો બેરોજગારીથી વંચિત છે. યોગ્ય રોજગારી આપવાને બદલે સરકાર આઉટસૉર્સિંગમાં કર્મચારીઓને રાખે છે. કર્મચારીઓના લાભો પણ મળતા નથી વગેરે બળાપા સાથે આજે આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ અને ટુંક સમયમાં સરકાર નિકાલ નઈ લાવે તો લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર ચિમકી રજનીકાંત ભારતીએ આપી હતી.

# ખેડબ્રહ્મામાં બારદાનના અભાવે મગફળીની ખરીદી અટકી

**એપીએમસી પાછળના ભાગે ટ્રેક્ટરની લાઇનો લાગી**



તસવીર : રમેશ વૈષ્ણવ

ખેડબ્રહ્મા, તા. ૨૬

સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળીની ખરીદી ૧૫ નવેમ્બરે શરૂ કરવામાં આવી હતી. ત્યારે ખેડબ્રહ્મામાં પણ મગફળીની ખરીદીની શરૂઆત કરવામાં આવી હતી. પરંતુ શરૂઆતથી જ અત્યાર સુધીમાં એક પણ દિવસ ખેડૂતોની મગફળીની ખરીદી પૂરો દિવસ શરૂ રહી હોય તેવું બન્યું નથી.

સરકાર દ્વારા પૂરતી માત્રામાં બારદાન ન મલતા ખેડૂતોની મગફળી ન ખરીદતા ખેડૂતોને ધક્કા ખાવાનો વારો આવ્યો છે. ખેડૂતો વહેલી સવારથી જ આવી જાય છે. પરંતુ ખરીદી બપોર બાદ શરૂ થતા આખો દિવસ બેસી રેવાનો વારો આવ્યો છે. ખેડૂતોની એક પછી એક સમસ્યા ઓછી થવાનુ નામ નથી લેતી.

ખરીદી માટે ખેડબ્રહ્મા એ.પી.એમ.સી. ખાતે સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. જ્યાં રોજ ખેડૂતોને એસ.એમ.એસ. કરી બોલાવવામાં આવે છે. જેથી ખેડૂતો પોતાની મગફળી લઈ આવે છે પરંતુ એપી.એમ.સી.માં સવારે હરાજી અને અન્ય આવકોની ખરીદી ચાલતી હોઈ બપોર બાદ ખરીદી શરૂ કરવામાં આવે છે. જેથી ખેડૂતોને ઠંડીમાં મોડી રાત્રે ઘરે જવાનો વારો આવે છે. એ.પી.એમ.સી.માં જગ્યાના અભાવે ખેડૂતો પોતાના ટ્રેક્ટરો રોડ ઉપર પાર્ક કરતા હોય ટ્રાફિકની સમસ્યા પણ થાય છે. છેલ્લા બે દિવસથી બારદાન ન હોઈ આવેલ ખેડૂતો કરતા થોડાજ ખેડૂતોની મગફળી ખરીદવામાં આવે છે.

ખેડબ્રહ્મા ગોડાઉન મેનેજર બી.એસ. કટારાના જણાવ્યા અનુસાર સરકારમાંથી પૂરતી માત્રામાં બારદાન ન આવતા હોય મગફળીની પૂરતી ખરીદી થઈ શકતી નથી. ગત વર્ષે સરકારે ૧.૮૨ લાખ બારદાન આપ્યા હતા જેની સામે આ વર્ષે અત્યાર સુધી ૧૩૦૦૦ બારદાન આપવામાં આવ્યા છે. હજુ આમારે ૧.૫૦ .લાખ બારદાનની જરૂર છે.